

# જન લોકપાલ માટે અણ્ણાના પુનઃ ઉપવાસ

**રાલેગન સિદ્ધિમાં અણ્ણાના અનશન શરૂ થતા યુપીએ ચિંતાતૂર : અણ્ણા હજારે આ વખતે નવી ક્રાંતિ લાવવાના આક્રમક મૂડમાં : કોઈ કિંમતે અનશન નહીં છોડવા મક્કમ: અણ્ણાના અનશનથી ફરી જન જાગૃતિના સંકેત**

રાલેગન સિદ્ધિ,તા. ૧૦ ગાંધીવાદી નેતા અને સામાજિક કાર્યકર અણ્ણા હઝારે જનલોકપાલ બિલને પસાર કરવા દબાણ લાવવાના હેતુસર સવારે અચોક્કસમુદતની ભૂખ હડતાળ ઉપર ઉતરી ગયા હતા. અણ્ણા આ વખતે પણ નવી ક્રાંતિના મૂડમાં દેખાઈ રહ્યા છે. અણ્ણા સંકેત આપી ચૂક્યા છે કે તેઓ કોઈ પણ કિંમતે તેમની અચોક્કસ મુદતની હડતાળને આ વખતે તોડશે નહીં. ભૂતકાળમાં તેમની સાથે જે રીતે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો તે આ વખતે થશે નહીં. મહારાષ્ટ્રના અહેમદનગર જિલ્લામાં છ ડિગ્રી જેટલું નીચું તાપમાન હોવા છતાં હઝારે સવારે મોર્નિંગ વોક માટે ગયા હતા. ત્યારબાદ તેઓએ નવી સંસ્થા જનતંત્ર મોરચાના બેનર હેઠળ આ ગામમાં યાદવબાબા મંદિર નજીક તેમની ભૂખ હડતાળ શરૂ કરી હતી. તેમની સાથે મોટી સંખ્યામાં કાર્યકરો પણ જોડાયા હતા. અણ્ણા હવે તેમના

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

મન એટલે વિચારોનો અવિરત પ્રવાહ એનું ઉદ્‌ભવ સ્થાન છે ચિત્ત, અને અંતિમ સ્થાન પણ ચિત્ત

- ઓશો

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૦ | ૧૧ ડિસેમ્બર, ૨૦૧૩, બુધવાર; માગશર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# સેક્ટર-પમાં સ્કૂલવાન કાર સાથે ટકરાતાં પાંચ વિદ્યાર્થીઓને ઈજા

**સ્કૂલ વર્ધી મારતા વાહનો વિદ્યાર્થીઓ માટે જોખમી બન્યા..!! : અકસ્માતગ્રસ્ત વાનમાં ડ્રાઈવર ફસાઈ જતાં ફાયરબ્રિગેડ બોલાવી પડી : ગંભીર ઈજાઓ પામેલો ડ્રાઈવર પીધેલો હોવાની શંકાને પગલે બ્લડ સેમ્પલ લેવાયા : માઉન્ટ કાર્મેલથી ધો. ૧ થી ૪ના બાળકોને લઈ જવાઈ રહ્યા હતા ત્યારે સે. પમાં બનેલી ઘટના**

ગાંધીનગર, તા. ૧૦ ગાંધીનગરના કલોલ તાલુકાના મોખાસણ નજીક સ્કૂલ બસ પલ્ટી ખાતા એક વિદ્યાર્થી અને ડ્રાઈવનરા વર્ધી મારતા વાહન સ્કૂલ વાનનો કાર સાથે અકસ્માત શહેરના સે. ૫ વિસ્તારમાં થતાં સંતાનોને સ્કૂલ વર્ધી મારતા વાહનોમાં મોકલતા વાલીઓ વચ્ચે બેફામ જતી સ્કૂલ વાન કાર સાથે અથડાતા માઉન્ટ કાર્મેલના પાંચ વિદ્યાર્થીઓ અને ડ્રાઈવર ઘાયલ થયા હતા. વાનમાં ડ્રાઈવર ફસાઈ







મોતની ઘટના હજુ પણ શહેરીજનો ભુલી શક્યા નથી ત્યારે વધુ એક સ્કૂલ ફફડી ઉઠ્યા છે. સે. પમાં સી.એન.જી. પંપની સામે ચાર રસ્તા જતાં તેને બહાર કાઢવા ગાંધીનગર ફાયરબ્રિગેડ પણ બોલાવાઈ હતી.

તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે

● અનુસંધાન પાન-૭ પર

## દોઢ કલાકમાં ત્રણ-ત્રણ ફેરા મારવાની લ્હાયમાં સ્કૂલવાનો બેફામ દોડાવાય છે...!

શાળાએથી છુટતા વિદ્યાર્થીઓ તબક્કાવાર છોડવામાં આવે છે. ધો. ૧ થી ૪ના વિદ્યાર્થીઓને પહેલા છોડ્યા બાદ અડધો કલાક કે કલાકનું અંતર રાખ્યા બાદ બીજા વિદ્યાર્થીઓ છોડવામાં આવે છે. તબક્કાવાર વિદ્યાર્થીઓ છુટતા હોવાથી તે તમામ વિદ્યાર્થીઓને લેવા-મુકવા વિદ્યાર્થી દીઠ રૂપિયા ઉઘરાવતા સ્કૂલ વર્ધી મારતા ચાલકોએ દોઢ-બે કલાકમાં ત્રણ-ત્રણ ફેરા મારવાના હોય છે. ત્રણ-ત્રણ ફેરા મારવાની લ્હાયમાં સ્કૂલવાનો શહેરમાં બેરોકટોક બેફામ દોડાવાય છે. વિદ્યાર્થીઓના જીવના જોખમ રહેતા હોવાથી આ બાબતને ગંભીરતાથી લઈ યોગ્ય નિકાલ લાવવો જરૂરી છે.

## સ્કૂલ વર્ધી સંચાલકો સાથે ડીએસપીએ તાકીદની બેઠક બોલાવી

સ્કૂલ વર્ધી મારતા વાહનોના વધી રહેલા જીવલેણ અકસ્માતોને ગંભીરતાથી લઈને ગાંધીનગર ડીએસપી શરદ સીંઘલે સ્કૂલવર્ધી સંચાલકો સાથે તાકીદની બેઠક બોલાવી છે. ૧૧ ડિસેમ્બર બુધવારના રોજ બપોરે ૧ વાગ્યે સે. ૨૭ ડીએસપી કચેરીએ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. સ્કૂલ વર્ધી મારતા વાહનની ગતિમર્યાદાથી માંડીને તેમાં બેસાડવામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યા પણ નિયત કરવા સુધીના કડક આદેશ આપવામાં આવશે.

## સ્કૂલ વર્ધી મારતા વાહનચાલકોની બેદરકારી જણાય તો સખત પગલા લેવા જોઈએ

સ્કૂલ વર્ધી મારતા વાહનચાલકો પર માસુમ બાળકો એટલે કે દેશના ભવિષ્ય કહેવાતા વિદ્યાર્થીઓની જવાબદારી હોય છે. નશામાં સ્કૂલવર્ધી મારવી કે ડ્રાઈવીંગ દરમ્યાન બેદરકાર રહીને મજાક મસ્તી કરતા કરતાં વાહન ચલાવવું આ વિદ્યાર્થીઓ માટે પણ ક્યારેક જીંદગીનું જોખમ બની જાય છે. જેથી સ્કૂલ વર્ધી મારતા વાહનના ચાલકો બેદરકાર જણાય તો તેમની સામે સખતમાં સખત કાર્યવાહી કરીને કડક પગલા લેવા જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.

## આજે રાજભવન ખાતે લોકાયુક્ત ડી.પી. બુચનો શપથગ્રહણ સમારોહ

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના લોકાયુક્ત નિવૃત્ત જસ્ટીસ ડી.પી. બુચ આવતીકાલે લોકાયુક્ત તરીકેના શપથ લઈ પદભાર સંભાળશે.



ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસે લોકાયુક્ત તરીકે નિવૃત્ત જસ્ટીસ ડી.પી. બુચના નામની ભલામણ કરી હતી. આ નામને રાજ્ય સરકારે સંમતિ આપીને લોકાયુક્ત તરીકે ડી.પી. બુચની નિમણુંક અંગેના આદેશો બહાર પાડવા રાજ્યપાલશ્રીને ભલામણ કરવામાં આવી હતી.

રાજ્યપાલશ્રીએ લોકાયુક્ત તરીકે ડી.પી. બુચની નિમણુંક અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા જસ્ટીસ ડી.બી. બુચને વિધિવત રીતે આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

નિવૃત્ત જસ્ટીસ ડી.પી. બુચની લોકાયુક્ત તરીકે નિમણુંક થતાં આવતીકાલે રાજભવન ખાતે શપથવિધિ સમારોહ યોજાશે. રાજ્યપાલશ્રી ડી.પી. બુચને લોકાયુક્ત તરીકેના શપથ લેવડાવશે. ત્યારબાદ જસ્ટીસ ડી.પી. બુચ લોકાયુક્ત તરીકેનો પોતાનો પદભાર સંભાળશે.

# ઉવારસદ-નારદીપુરના આરોગ્ય કેન્દ્રોને એનએબીએચ માટે દરખાસ્ત કરાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર તાલુકાના ઊવારસદ પ્રા.આ. કેન્દ્ર તથા નારદીપુરના સામૂહિક આરોગ્ય કેન્દ્ર ને એન.એ.બી.એચ. પ્રમાણપત્ર મળે તે માટેની દરખાસ્ત જિલ્લા તંત્ર દ્વારા તૈયાર કરીને મોકલવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય તંત્ર એ આ બંને આરોગ્ય કેન્દ્ર ને આ પ્રમાણપત્ર મળે તે માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. જિલ્લામાં હાલ ડભોડા પ્રા.આ. કેન્દ્ર એ એક માત્ર આરોગ્ય કેન્દ્ર ને એનએબીએચ પ્રમાણપત્ર મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા તંત્રએ આ બંને કેન્દ્રોને આ વર્ષના અંત સુધીમાં પ્રમાણપત્ર મળે તે માટે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. તેમજ તેનું પ્રિ-ઈન્સ્પેકશન પણ કમિશનરશ્રીની કચેરી દ્વારા માસના અંત સુધીમાં થાય તે રીતે કાર્યવાહી પણ આરંભી દીધી છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર એન.એ.બી.એચ.ની ટીમ જાન્યુઆરીના પ્રથમ પખવાડિયામાં આ બે કેન્દ્રોની મુલાકાતે આવે તેવી શકયતાઓ રહેલી છે. તંત્ર એ આ બંને કેન્દ્રો પર ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ માટે ખૂટતી કડીઓ પણ પૂર્ણ કરી દીધી છે.

જિલ્લામાં આમ તો બધા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો માટે એન.એ.બી.એચ.ની દરખાસ્ત કરવાનો નિર્ણય બે વર્ષ પહેલાં લેવામાં આવ્યો હતો પરંતુ તંત્ર આ કામગીરી પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. આ માટે તંત્ર એ પણ ઉદાસીનતા દાખવી હતી પરંતુ તાજેતરમાં પુનઃ રાજય સરકાર અને આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા તંત્રનો કાન આમળતાં જ હવે આ અંગેના ચક્રો ગતિમાન થયા છે.

આ બંને કેન્દ્રો માટેની દરખાસ્ત આખરી કરી અને મોકલી પણ આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ બંને કેન્દ્રોમાં જે ખૂટતી કડીઓ હતી તેની સમીક્ષા કરી અને જરુરી કાર્યવાહી પૂર્ણ કરી દેવામાં આવી છે.

બીજી તરફ આ બંને કેન્દ્રો પરની સેવાઓને લઈ રોજેરોજનું મોનીટરીંગ પણ હાથ ધરવાનો નિર્ણય સત્તાવાળાઓએ લીધો છે. આ બંને કેન્દ્રોમાં ગુણવત્તા માટેની કામગીરીને પણ આખરી ઓપ આપી દેવાયો છે. તંત્રએ શોર્ટ ગેપ એનાલીસીસ પણ કર્યું છે જે ઉલ્લેખનીય છે.

મલ્ટીનેશનલ કંપની દ્વારા ઘરેથી કામ કરવા માટે
રૂબરૂ મળો : નમિતા
97255 32972
81286 36379

## ગાંધીનગર શહેરમાં ઠંડી સહેજ ઘટી

ઠંડીમાં નજીવો ફેરફાર ચાલુ રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. નોંધાયું હતું. પાટનગરમાં આજકાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. જો કે મહત્તમ તાપમાન હજુ ઉંચુ જોવા મળી રહ્યું છે. લઘુત્તમ તાપમાન આજે ૧૨.૫ નોંધાયું હતું જયારે મહત્તમ તાપમાન ૩૨.૦ ડિ.સે. નોંધાયું છે.




